ભટાર રોડ પર ગુરુનાનક દેવની ભવ્ય શોભાયાત્રા



■ ભટાર રોડ સ્થિત ગુરુદ્વારા શ્રી ગુરુ તેગબહાદુર સાહિબ ખાતે શીખ ધર્મના પ્રથમ ગુરુ શ્રી ગુરુ નાનક દેવ મહારાજજીના 557મા પ્રકાશ ઉત્સવ (અવતાર ગુરપુરબ)ની શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણીનો પ્રારંભ થયો છે. ત્રણ દિવસીય ધાર્મિક મહોત્સવના ભાગરૂપે આજે રવિવારે ગુરુદ્વારા સાહિબ ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. **(તસવીર : સતીષ જાદવ)**

કૂતરાંનું ખસીકરણ થાય છે કે, મનપાની તિજોરીનું?

બમરોલી અને વડોદમાં ત્રણ ઉપર શ્વાનનો હુમલો

3 વર્ષમાં 33,300 શ્વાનનું ખસીકરણ અને 4.11 કરોડનો ખર્ચ છતાં કૂતરાંનો આતંક યથાવત્

સુરતઃ પાંડેસરા, બમરોલી અને વડોદમાં રખડતા અને હડકાયા શ્વાનનો આતંક વધી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પાલિકાની રસીકરણ અને ખસીકરણની કામગીરી માત્ર કાગળ પર સીમિત રહી છે. ત્રણ વર્ષમાં કુલ ૩૩,૩૦૦ શ્વાનનું ખસીકરણ કરવામાં આવ્યું છે, જેના પાછળ ૪.૧૧ કરોડથી વધુનો ખર્ચ થયો છે. છતાં આ વિસ્તારોમાં ડોગ બાઈટના કેસોમાં ઘટાડો થયો નથી.

વર્ષવાર આંકડા મુજબ, ૨૦૨૪-૨૫માં ૧૭,૮૭૦ શ્વાનના ખસીકરણ પાછળ ૨,૧૨,૬૫,૩૦૦ રૂપિયા, ૨૦૨૫-૨૬માં ૯,૫૮૫ શ્વાન પાછળ ૧,૨૨,૭૦,૨૭૦ રૂપિયા અને ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં સપ્ટેમ્બર સુધી ૫,૮૪૫ શ્વાનના ખસીકરણ પાછળ ૭૬,૫૬,૯૫૦ રૂપિયાનો ખર્ચ થયો છે. આમ છતાં પાંડેસરા, બમરોલી અને વડોદ વિસ્તારમાં શ્વાનના હુમલાના કિસ્સા ચાલુ જ છે. ખાસ કરીને શિયાળાની ઋતુમાં વહેલી સવારે અને રાત્રે નાનાં બાળકો, યુવાનો અને રાહદારીઓ શ્વાનના શિકાર બની રહ્યા છે. કેટલાક શ્વાન હડકાયા થઈ જતાં સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિકોનો આરોપ છે કે પાલિકાની ટીમ શ્વાન પકડવા નિયમિત આવતી નથી અને જો આવે તો પણ રસીકરણ-ખસીકરણ બાદ ફરીથી એ જ વિસ્તારમાં છોડી દેવામાં આવે છે. રહીશોએ માંગ કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યવસ્થિત અને નિરંતર દેખરેખ સાથે ખસીકરણ કામગીરી હાથ ધરવામાં આવે તેમજ હડકાયા શ્વાન સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે. પાલિકા તરફથી હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા મળી નથી.

ભાજપ પ્રમુખની મીડિયાને ચીમકી લોકશાહીનું ગળું દબાવવા જેવી : વિપક્ષ

વોર્ડ નંબર-27માં કથિત 'તોડકાંડ'ની વોટ્સએપ ચેટના વિવાદમાં કાર્યવાહી મુદ્દે લાચારી હોવાથી બળાપો કાઢ્યો હોવાની ટિપ્પણી

સુરત : સુરત શહેર ભાજપના પ્રમુખ પરેશ પટેલ દ્વારા લિંબાયત વોર્ડ નંબર ૨૭ના કથિત ૧૯ લાખના સેટલમેન્ટ પ્રકરણને બોગસ ગણાવી મીડિયાને નોટિસ આપવાની આપેલી ચિમકીનો વિપક્ષે તીવ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા અને શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળાએ આ મુદ્દે ભાજપ પ્રમુખની ટીકા કરતાં કહ્યું છે કે જાહેર માધ્યમના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમજ પાર્ટીની શિસ્તના લીરા ઉડાવનારા કાર્યકરો અને નેતાઓ સામે કાર્યવાહી કરવામાં લાચારી હોવાથી મીડીયા પર બળાપો કાઢ્યો હોવાનું જણાઈ રહ્યું છે.

ડીંડોલીના કૈલાશ બંગલોઝમાં ગેરકાયદે બાંધકામ છાવરવા માટે કોર્પોરેટરો અને ધારાસભ્યના નામે ૧૯ લાખ ઉઘરાવાયા હોવાની વોટ્સએપ ચેટ વાયરલ થયા બાદ આ મામલો ચર્ચામાં આવ્યો છે.

સિટિંગ કોર્પોરેટર ભાઈદાસ પાટીલ અને કાર્યકર્તા મનીષ નાયક વચ્ચેની ચર્ચા ધરાવતા આ જ ગ્રુપમાં ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી પણ સામેલ હોવાનું જણાયું છે. ડેપ્યુટી મેયરે પાલિકા કચેરી ખાતે મીડિયા સમક્ષ કબૂલાત કરી હતી કે ગ્રુપમાં આવી ચર્ચા થઈ હતી અને વિવાદ થતાં ચેટ ડિલીટ કરી દેવાઈ હતી.

વિપક્ષના નેતાઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે પક્ષના જ એક જવાબદાર પદાધિકારી આ ઘટનાને સમર્થન આપી રહ્યા હોય ત્યારે શહેર પ્રમુખ આ સમગ્ર મામલાને બોગસ કેમ ગણાવી રહ્યા છે. તેમણે માંગ કરી છે કે કોર્પોરેટર ભાઈદાસ પાટીલ અને મનીષ નાયક પાસેથી ખુલાસો મંગાવવો જોઈએ તેમજ કૈલાશ બંગલોઝના ગેરકાયદે બાંધકામ અંગે વિજિલન્સ તપાસ હાથ ધરવી જોઈએ. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા થઈ રહી છે કે સંગઠનના વડા તરીકે પ્રથમ પોતાના નેતાઓ પાસેથી જવાબ માંગવાને બદલે મીડિયાને નોટિસની ધમકી આપવાના અભિગમથી ભાજપના કેટલાક કાર્યકર્તાઓમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. વિપક્ષે આ મામલે પારદર્શિતા અને યોગ્ય તપાસની માંગ કરી છે.

ડેપ્યુટી મેયરે પોતાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં હોવાનો સૂર વ્યક્ત કર્યો

વોર્ડ નંબર 27ના કથિત વોટ્સએપ ગ્રૂપમાં કૈલાશ બંગલોઝના કથિત ગેરકાયદે બાંધકામ મુદ્દે તોડકાંડની વોટસઅપ ચેટ વાયરલ થઇ તેમાં તિરૂપતિના દર્શને ગયેલા નેતાઓનો આડકતરો ઉલ્લેખ કરાયો હતો. આ જ સમયે ડેપ્યુટી મેયર તિરૂપતિ ગયા હતા તેથી જ્યારે તેમને આ મુદ્દે પુછાયું ત્યારે તેમણે પોતાને ટાર્ગેટ કરવામાં આવતા હોવાનું અને ટુંક સમયમાં સત્ય બહાર આવશે તેવું જણાવ્યું હતું. આમ શહેર પ્રમુખ અને ડેપ્યુટી મેયરના નિવેદનો વચ્ચે પણ વિરોધાભાસ જોવા મળી રહ્યો છે.

૧.૨૭ કરોડના હીરા લઈને દલાલ રફુચક્કર થઈ ગયો

અગાઉ જાંગડ પર હીરા લઇ જતો હતો અને વેચાણ નહીં થાય તો પાછા આપી જતો હતો

ફોન બંધ આવતા ઘરે તપાસ કરી તો જાણવા મળ્યું કે ત્રણ દિવસથી આવ્યા જ નથી

સુરતઃકતારગામ વિસ્તારમાં હીરાનું મેન્યુફેકચરીંગ અને વેચાણ કરતી પેઢીમાંથી એક દલાલ કુલ ૧,૦૩૫.૧૫ કેરેટ નેચરલ તૈયાર હીરા (કિંમત રૂ. ૧,૨૭,૦૧,૩૨૦/) જાંગડ પર લઈ ગયા બાદ નાસી છૂટ્યો છે.

કતારગામ લક્ષ્મીકાંત આશ્રમ રોડ પર શ્રીજીપાર્ક સોસાયટીમાં રહેતા અને ગોતાલાવાડી નિશાળ ફળિયા ખાતે 'રીજીયા ડાયમંડ' નામથી ભાગીદારીમાં હીરાનું મેન્યુફેકચરીંગ અને વેચાણ કરતા ૪૩ વર્ષીય સંજયભાઈ મોહનભાઈ રીજીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, બે વર્ષથી પરિચિત હીરા દલાલ હિરેનભાઈ સુરેશભાઈ શેલડિયા અગાઉ બે-ત્રણ વખત જાંગડ પર હીરા લઈ ગયા હતા અને વેચાણ ન થતા પરત આપી ગયા હતા.ગત તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ હિરેન શેલડિયાએ હીરાની માંગણી કરી હતી અને ચોકસી બજાર વરાછા રોડ ખાતે પરેશભાઈ સાવજની ઓફિસ પર માલ મોકલવા જણાવ્યું હતું. વિશ્વાસના આધારે તા. ૦૬/૧૦/૨૦૨૬ ના રોજ કર્મચારી ઉમેશભાઈ મારફતે ૧૫૮.૧૮ કેરેટ નેચરલ હીરા (કિંમત રૂ. ૪૭,૪૫,૪૦૦) મોકલાયા હતા, જેની હિરેનભાઈએ રિસીવર તરીકે સહી કરી હતી. ત્યારબાદ તા. ૦૭/૧૦/૨૦૨૬ ના રોજ ૫૦.૧૪ કેરેટ હીરા (કિંમત રૂ. ૬,૫૧,૮૨૦/), તા. ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ હિરેનભાઈએ રૂબરૂ આવીને ૭૨૯.૨૦ કેરેટ હીરા (કિંમત રૂ. ૪૩,૭૫,૨૦૦/) તથા તા. ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ ૯૭.૬૩ કેરેટ હીરા (કિંમત રૂ. ૨૯,૨૮,૯૦૦/-) જાંગડ પર મેળવ્યા હતા. ચાર-પાંચ દિવસ સુધી હીરાના વેચાણ કે ભાવતાલ અંગે કોઈ જાણ ન કરતાં સંજયભાઈએ હિરેનભાઈને ફોન કર્યો હતો, પરંતુ તેમનો ફોન બંધ આવતો હતો. ઘરે તપાસ કરતા તેઓ બે-ત્રણ દિવસથી ઘરે ન આવ્યા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. આમ, કુલ ૧,૦૩૫.૧૫ કેરેટના રૂ. ૧,૨૭,૦૧,૩૨૦/- ના હીરા બારોબાર વેચી દઈ અથવા સગેવગે કરી વિશ્વાસઘાત કર્યા બદલ હિરેન શેલડીયા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ડુંભાલમાં શ્રમજીવીઓનાં ત્રણ કાચાં ઘરો આગની લપેટે

મોડલ ટાઉન પાસે ખુલ્લા મેદાનમાં લાગેલી આગમાં ઘરવખરી બળીને ખાખ

ડુંભાલ અને ઉધના ફાયર બ્રિગેડે ગણતરીની મિનિટ્સમાં આગ પર કાબૂ મેળવ્યો



સુરતઃ ડુંભાલ ખાતે મોડલ ટાઉનશિપ પાસે આવેલા ખુલ્લા મેદાનમાં શ્રમજીવીઓનાં કાચાં ઘરોમાં રવિવારે બપોરે અચાનક આગ ભભૂકી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગની લપેટમાં શ્રમજીવીઓનાં ત્રણ કાચાં ઘરો આવી જતાં તેમાં રાખવામાં આવેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે, સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી.

બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં જ ડુંભાલ અને ઉધના ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને અન્ય ઘરો સુધી પ્રસરતી અટકાવવા પ્રયાસો હાથ ધર્યા હતા. આગને કારણે ઘરવખરીને બચાવવાની તક પણ મળી નહોતી અને જોતજોતામાં તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ અંગે ફાયર સબ ઓફિસર પ્રવીણ ટંડેલે જણાવ્યું હતું કે, મેદાનમાં કુલ છ જેટલાં કાચા ઘરો હતાં, જેમાં ફાયર વિભાગની ટીમે ગણતરીની મિનિટ્સમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે, આગ કયાં કારણોસર લાગી હતી તે અંગે કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

ડાંગમાં કાર પલટી જતાં સુરતની મહિલાનું મોત

સાપુતારા : ભેખડ સાથે કાર અથડાયા બાદ પલટી જતાં સુરતની મહિલાનું મોત થયું હતું. પરાગ સુરેશરાવ બાગલ (ઉં.વ. ૪૦, ધંધો-હીરા ઘસવાનો, રહે. હાલ-સુરત, ઘર નં. ૧૩૩, મહાદેવનગર-૨, ડીંડોલી, સુરત; મૂળ રહે. નિમગુળ, તા. સીંધખેડા, જિ. ધુલીયા, મહારાષ્ટ્ર) ફોર વ્હીલ કરામાં પત્ની ભારતીબેન સાથે ડાંગના શિવારીમાળ સાથે પસાર થઈરહ્યાં હતાં. તે સમયે તેમની કાર નંબર GJ-05-RV-4139 વળાંકમાં ભેખડ સાથે અથડાયા બાદ પલટી ગઈ હતી. જેમાં ભારતીબેન ગાડી નીચે દબાઈ ગયા હતા. તેમને માથા તથા ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતુ. જ્યારે ગાડીમાં સવાર અન્ય સાહેદોને શરીરે નાની-મોટી તથા મૂઢ ઈજાઓ થઈ હતી.

ઉગત કેનાલ રોડ પર ઝૂંપડામાંથી રોકડા ૧.૧૮ લાખ ચોરાયા

પગાર ખિસ્સામાં મૂકી પેન્ટ લટાકાવ્યાં હતાં તે ચોરાઇ ગયું

સુરતઃ ઉગત કેનાલ નજીક નિર્માણાધીન બિલ્ડિંગ પાસે આવેલા શ્રમિકોના ઝૂંપડામાં રાત્રિના સમયે પ્રવેશ કરીને અજાણ્યા તસ્કરે રોકડા રૂ. ૧,૦૬,૦૦૦ તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૧૮,૦૦૦ ની મત્તા ચોરી કરીને નાસી છૂટ્યા હતા.

રાંદેર ઉગત કેનાલરોડ પર રાજ હાર્મોની પાસે નવી બંધાતી બિલ્ડિંગની બાજુમાં ઝૂંપડામાં રહેતા અને મજૂરીકામ કરતા ૨૪ વર્ષીય વિશાલ રાજારામ રાજભારે ફરિયાદ નોંધાવી કે, ગત તા. ૦૨ નવેમ્બર ૨૦૨૬ ના રોજ દિવાળીનો તહેવાર હોવાથી શેઠ બેચુ ચૌહાણે તેને તેમજ તેના સાથી શ્રમિકોને પગાર આપ્યો હતો. સાંજે કામ પૂર્ણ કર્યા બાદ રાત્રે અગિયારેક વાગ્યે તેઓ ઝૂંપડામાં આવ્યા હતા અને પગારના પૈસા પોત-પોતાના પેન્ટના ખિસ્સામાં રાખીને ખીલી પર લટકાવી દીધા હતા. ત્યારબાદ બધા જમીને દરવાજો આડો રાખીને સૂઈ ગયા હતા. રાત્રે દોઢેક વાગ્યાના સુમારે વિશાલ જાગ્યો ત્યારે બાજુમાં રાખેલો તેનો વિવો કંપનીનો મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૨,૦૦૦) ગાયબ જણાયો હતો. મિત્ર લાલસાને જગાડીને ફોન કરતા ફોન બંધ આવતો હતો. ઝૂંપડામાં સામાન અને કપડાં વેરવિખેર પડેલા હતા.ખીલી પર લટકેલા પેન્ટના ખિસ્સા તપાસતા તસ્કર રૂ. ૧,૧૮,૦૦૦ ની મત્તા ચોરી ફરાર થઈ જતાં વિશાલે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરત બસ સ્ટેશન પાસેથી છોટા ઉદેપુરનો ખેપિયો ગાંજા સાથે ઝડપાયો

સુરતઃમહિધરપુરા પોલીસ સ્ટેશનની ટીમે ચોક્કસ બાતમીના આધારે સુરત સિટી બસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. મહિધરપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ કાળુભાઈને ખાનગી બાતમી મળી હતી કે કાળા રંગનું હુડી જેકેટ અને વાદળી નાઇટ પેન્ટ પહેરેલો એક શખ્સ ખભા અને હાથમાં બે થેલામાં ગાંજો લઈને સુરત સિટી બસ સ્ટેશન ખાતે આવવાનો છે. પીએસઆઈ એન.એ. ચૌહાણ સહિતની ટીમે સિટી બસ સ્ટેશન ખાતે વોચ ગોઠવી હતી. દરમિયાન પ્લેટફોર્મ નં. ૩ પાસે વર્ણન મુજબનો શખ્સ આવતા પોલીસે તેને અટકાવ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ મોહનભાઈ વાલજીભાઈ નાયકા (ઉં.વ. ૫૩, રહે. કછાટા, તા. સંખેડા, જિ. છોટા ઉદેપુર) જણાવ્યું હતું. આરોપી પાસેથી બે થેલામાં સંતાડેલા ખાખી ટેપ મારેલા કુલ ૧૧ પેકેટ મળી આવ્યા હતા.

શહેરમાં તાવના ખપ્પરમાં વધુ બે યુવાનો હોમાઈ ગયા

અડાજણના 28 વર્ષીય અને પાંડેસરાના 25 વર્ષીય યુવાનનાં મોત

સુરતઃ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનો ઉપદ્રવ યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડા-ઊલટી, ડેન્ગ્યુ, મલેરિયા, તાવ, શરદી-ખાંસી સહિતની બીમારીઓના કેસ સામે આવી રહ્યા છે. દરમિયાન તાવ આવ્યા બાદ તબિયત લથડતાં અડાજણના 28 વર્ષીય અને પાંડેસરાના 25 વર્ષીય એમ બે યુવાનનાં મોત નીપજ્યાં હતાં.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી વિગતો મુજબ, અડાજણમાં સાઈનગર પાસે આવેલી ભગવાન સ્ટ્રીટમાં રહેતા 28 વર્ષીય રાકેશ અતુલભાઈ રાઠોડને છેલ્લા એક દિવસથી તાવ આવતો હતો. જેથી તેમણે નજીકના દવાખાનામાં સારવાર લીધી હતી.

જોકે, રવિવારે સવારે અચાનક તેમની તબિયત વધુ બગડી હતી અને તેઓ ઢળી પડ્યા હતા. પરિવારજનો દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને બોલાવી તેમને નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં, ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. રાકેશ કાર વોશિંગનું કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા.

બીજા બનાવમાં, મૂળ રાજસ્થાનના જયપુરના વતની અને હાલ પાંડેસરાના કૈલાશનગરમાં રહેતા 25 વર્ષીય ગજાનંદ રામજીલાલ વર્માને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. જેથી તેઓ ઘર નજીકના દવાખાનામાં સારવાર કરાવી રહ્યા હતા. દરમિયાન આજે રવિવારે સવારે તેમની તબિયત વધુ લથડતાં પરિવારજનો તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં, ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

સારોલી-પૂણા રોડ ઉપર ખુલ્લી કચરા ગાડીમાંથી રસ્તા પર કચરો પડયો

વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્રની પોલ ખૂલી



સુરતઃ સુરતીઓ પાસેથી ચાર અલગ-અલગ પ્રકારના ડબ્બામાં કચરો વર્ગીકૃત કરીને આપવાની અપેક્ષા રાખતી સુરત મહાનગરપાલિકાએ પહેલાં પોતાની કચરાગાડીઓની વ્યવસ્થા સુધારવાની તાતી જરૂર છે. એક તરફ પાલિકાએ કચરાના વર્ગીકરણના કડક નિયમો જાહેર કર્યા છે, તો બીજી તરફ સારોલી-પૂણા પાટિયા વિસ્તારમાં પાલિકાની જ ખુલ્લી કચરાગાડીમાંથી રસ્તા પર અડધી ગાડી જેટલો કચરો વેરાઈ જતો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્રની પોલ ખૂલી ગઈ છે.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં ૨૦ હજાર ચોરસ ફૂટથી વધુ ક્ષેત્રફળ, દૈનિક ૪૦ હજાર લીટર પાણીનો વપરાશ કે ૧૦૦ કિલોથી વધુ કચરો ઉત્પન્ન કરતી સોસાયટીઓ અને કોમ્પ્લેક્સો માટે નવો નિયમ બનાવાયો છે.

જે મુજબ ભીનો કચરો લીલા, સૂકો કચરો વાદળી, સેનેટરી વેસ્ટ લાલ અને સ્પેશિયલ કેર વેસ્ટ કાળા ડબ્બામાં અલગ આપવાનો રહેશે. પરંતુ સારોલીથી સરદાર માર્કેટ તરફ જતા મુખ્ય માર્ગ પર પાલિકાની ખુલ્લી ગાડીમાંથી જાહેરમાં કચરો વેરાતો હોવાનો વિડીયો એક જાગૃત નાગરિકે ઉતારી વાયરલ કર્યો છે. આ ઘટના બાદ સુરતીઓમાં સવાલ ઊઠ્યો છે કે, જો નાગરિકો મહેનત કરીને કચરો અલગ આપે અને પાલિકાની ખુલ્લી ગાડીઓ જ રસ્તા પર ગંદકી ફેલાવે, તો સ્વચ્છતાનો હેતુ કેવી રીતે સિદ્ધ થશે? કચરાગાડીઓને યોગ્ય રીતે ઢાંકીને ચલાવવામાં આવે અને જનતા પર નિયમો લાદતા પહેલાં પાલિકા પોતાની આંતરિક વ્યવસ્થા સુધારે તેવી ઉગ્ર માંગ ઊઠી રહી છે.

બંધ TVS સ્ટાર શો-રૂમમાં વેલ્ડિંગના તણખાથી આગ

સાત મહિનાં પહેલાં આગ લાગતા શો-રૂમ સંપૂર્ણ બંધ અવસ્થામાં હતો



સુરતઃ અડાજણ સર્કલ પાસે આવેલા ટીવીએસ સ્ટાર ગોડાઉનમાં રવિવારે બપોરે ફરી આગ લાગી હતી.

સાત મહિના અગાઉ આ જ શો-રૂમમાં આગ લાગવાની ઘટના બની હતી, જેના કારણે શો-રૂમ સંપૂર્ણપણે બંધ અવસ્થામાં હતો. આજે અહીં વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું, દરમિયાન વેલ્ડિંગમાંથી નીકળેલા તણખા નજીકમાં પડેલા નકામા લાકડાં પર પડતાં આગ લાગી હતી. આગને કારણે સ્થળ પર થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી.

બનાવની જાણ થતાં જ અડાજણ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી જઇ આગને કાબુમાં લીધી હતી.

બમરોલીના પ્લાસ્ટિક વેસ્ટના ગોડાઉનમાં ભીષણ આગ

રાજ ઈન્ડસ્ટ્રિયલ એરિયાના પ્લોટ નં.15 અને 16ના પતરાના શેડમાં વહેલી સવારે આગ ફાટી નીકળી, આગ લાગવાનું કારણ અકબંધ



સુરતઃ બમરોલી રોડ સ્થિત રાજ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં રવિવારે વહેલી સવારે પ્લાસ્ટિક મટિરિયલના વેસ્ટેજના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. રાજ ઈન્ડસ્ટ્રિયલ એરિયાના પ્લોટ નં.15 અને 16માં સન્ની પટેલનું પ્લાસ્ટિક મટિરિયલ વેસ્ટનું ગોડાઉન આવેલું છે. રવિવારે સવારે આશરે 8 વાગ્યાના અરસામાં ગોડાઉનની અંદર સંગ્રહિત પ્લાસ્ટિક વેસ્ટના જથ્થામાં એકાએક આગ ભડકી ઊઠી હતી. ગોડાઉન પતરાના શેડમાં બનાવવામાં આવ્યું હોવાથી આગે ગણતરીની મિનિટોમાં જ સમગ્ર શેડને લપેટમાં લઈ લીધો હતો. પ્લાસ્ટિકનો જથ્થો વધુ પ્રમાણમાં હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બનાવની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતાં ઉધના, ભેસ્તાન, મજૂરા સહિત પાંચ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી.

સુરતની તમામ ૧૨ વિધાનસભા બેઠક પર ભાજપનું નૂતન વર્ષ સ્નેહમિલન

વિધાનસભા વાઇઝ સાંસદ, નાયબ મુખ્યમંત્રી, મંત્રીઓ અને ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિ રહી



સુરતઃ દિવાળી પર્વ અને નૂતન વર્ષના પ્રારંભ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા સુરત મહાનગરની તમામ ૧૨ વિધાનસભા બેઠકોમાં નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમો યોજાયાં હતાં. રાજ્યની ૧૮૨ વિધાનસભા બેઠક પર યોજાયેલા આ કાર્યક્રમોના ભાગરૂપે સુરતમાં સાંસદ, નાયબ મુખ્યમંત્રી, મંત્રીઓ, ધારાસભ્યો તેમજ પક્ષના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મજૂરા વિધાનસભા વિસ્તારમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. ઉધનામાં ધારાસભ્ય મનુભાઈ પટેલ, શહેર સંગઠન અધ્યક્ષ પરેશભાઈ પટેલ અને શહેર મહામંત્રી દુર્ગાપ્રસાદ પાંડે હાજર રહ્યા હતા. કામરેજમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા તથા ઓલપાડમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલે કાર્યકર્તાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કતારગામમાં પૂર્વ મંત્રી વિનોદભાઈ મોરડિયા, સુરત લોકસભા સાંસદ મુકેશભાઈ દલાલ અને મેયર માયાબેન માવાણી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. સુરત પૂર્વમાં ધારાસભ્ય અરવિંદભાઈ રાણા તથા સુરત ઉત્તરમાં ધારાસભ્ય કાંતિભાઈ બલર અને શહેર મહામંત્રી વિરલભાઈ ગિલિટવાળા હાજર રહ્યા હતા. વરાછામાં પૂર્વ મંત્રી કિશોરભાઈ કાનાણી તથા કરંજમાં ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારી સાથે સાંસદ મુકેશભાઈ દલાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. લિંબાયતમાં ધારાસભ્ય સંગીતાબેન પાટીલ અને ચોર્યાસીમાં ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ કાર્યકર્તાઓ સાથે સ્નેહમિલન કર્યું હતું.

શહેર સંગઠન અધ્યક્ષ પરેશભાઈ પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજનભાઈ પટેલે પણ અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમોમાં પ્રદેશ સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, વોર્ડ સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. દિવાળીની ખુશીઓ અને નૂતન વર્ષની શુભકામનાઓ સાથે પક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓએ આત્મીયતાભર્યું મિલન કર્યું હતું.

સુરતમાં ૫.૩૪ લાખ બાળકોને પોલિયોની રસી પીવડાવાઈ

સુરત : મહાનગરપાલિકા વિસ્તારમાં સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત સઘન બાળલકવા નાબુદી અભિયાનના પ્રથમ દિવસે આજે રવિવારે પાંચ વર્ષ સુધીના ૫,૩૪,૨૭૮ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી. આ કામગીરીમાં કુલ ૩૮૫૧ ટીમો દ્વારા ૭૮.૦૪ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો પ્રારંભ મેયર માયાબેન માવાણીના હસ્તે કરાયો હતો. આ અભિયાન હેઠળ નિયત કરવામાં આવેલા રસીકરણ બુથ તથા મોબાઈલ, ટ્રાન્ઝીટ અને રીઝર્વ ટીમો મારફતે વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી હતી. નવ ઝોનમાં કુલ ૮૧ ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરો સ્થાપિત કરીને ૩૮૫૧ ટીમો, ૫૮૩ સુપરવાઈઝરો તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ અને અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ મળી કુલ ૮૨૮૫થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

અંત્રોલીના બ્રેઈનડેડ યુવકના અંગદાનથી ત્રણને નવજીવન

બ્રેઈનડેડ શ્રમજીવી યુવાનનાં લિવર અને બે કિડનીનું દાન થયું



સુરતઃ અંત્રોલીના બ્રેઈનડેડ યુવકના લિવર અને બે કિડનીનાં દાનથી ત્રણને નવજીવન મળશે. નવી સિવિલમાં 104મું સફળ અંગદાન થયું છે. પ્રાપ્ત વિગત મુજબ, ઝારખંડના પશ્ચિમી સિંહભૂમ જિલ્લાના બુરુહુંડરુ ગોઈલકેરાના વતની 32 વર્ષીય મંગરુભાઈ બુધરામ ઉરોવ હાલમાં કડોદરા નજીક અંત્રોલી ખાતે રહેતા હતા. તે લાકડાના કામ સાથે સંકળાયેલા હતા. ગત તા. 17 મીના રોજ સાંજે છાતીમાં ગભરામણ થતા તે ઘરમાં અકસ્માતે પડી ગયા હતા. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે લઈ આવ્યા હતા. જ્યાં આઈ.સી.યુ.માં તબીબોના અથાગ પ્રયાસો છતાં તેમની સ્થિતિ ગંભીર થયા બાદ મેડિકલ ઓફિસર ડૉ. રાજેન્દ્રસિંહ સોલંકી, ડૉ. નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડૉ. જય પટેલ અને ન્યુરોસર્જન ડૉ. કેયુર પ્રજાપતિની ટીમે મંગરુભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

ત્યારબાદ ડૉ. નિલેશ કાછડીયા, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવક ઈકબાલ કડીવાલા સહિતના લોકોએ પરિવારજનોને અંગ